# ૨.૪ શ્રી અષ્ટાપદજી તીર્થ

અષ્ટાપદ મહાતીર્થ પર ભરત ચક્રવર્તીએ જિનાલય બનાવેલ છે. આ જિન પ્રાસાદનું નામ સિંહનિષધા રાખવામાં આવેલ છે. આ જિન પ્રાસાદ ભરત ચક્રવર્તીએ વાર્ધકીરત્ન મારફતે બનાવેલ છે. આ જિન પ્રાસાદ ત્રણ ગાઉ ઊંચો, એક યોજન લાંબો, અડધો યોજન પહોળો અને ચાર વિશાળ દ્વારવાળો છે.

આ તીર્થ, જૈન ધર્મના ૨૪ તીર્થંકરોના સ્વ-સ્વદેહ પ્રમાણવાળી મૂર્તિઓથી સ્થાપિત થયેલું છે.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ જે તીર્થ ઉપર નિર્વાણ (મૃત્યુ) મોક્ષ પામ્યા છે, જે તીર્થના દર્શન કરવાથી જીવ તેજ ભવે મોક્ષે જાય છે, એવું આ તીર્થ હિમાલયથી ઉત્તર દિશા તરફ સતત આગળ વધતાં આવે છે. સિદ્ધગિરિ પાલીતાણાથી આશરે એક લાખ પંચાશી હજાર ગાઉથી અધિક દૂર ગ્રંથમાં જણાવ્યું છે. તે તીર્થ જંબુદ્વીપના દક્ષિણ દરવાજેથી વૈતાઢય પર્વતના મધ્યમ ભાગે ભરતક્ષેત્રની અયોધ્યા નગરી પાસે આવેલું છે. તે તીર્થ યાને પર્વત પાંચશો છવીશ યોજન છ કલાનો અતિવિશાળ છે. આ તીર્થ ૩૨ (બત્રીશ) કોશ પ્રમાણ ઊંચાઈએ છે. તેને આઠ પગથિયા છે. એક એક પગથિયું એક એક (૧/૧) યોજન પ્રમાણનું છે.

આ તીર્થની મર્યાદાપુરુષોતમ નજીક રામની અયોધ્યા હતી, તે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી હતી. આ અવસર્પિણી કાળમાં ત્રીજા આરામાં ચોરાશી લાખ વર્ષ શેષ બાકી હતા ત્યારે નાભિ રાજાના પુત્ર ઋષભદેવ પ્રભુ દશ હજાર મુનિવર સાથે મહાવદી તેરસનાં રોજ આ પર્વત પર નિર્વાણ પામ્યા હતા. તેની યાદમાં તે તીર્થ પર ઋષભદેવનાં પુત્ર ચક્રવર્તી ભરત મહારાજાએ ચારે બાજુથી સરખી સમભૂમિ કરી હતી, પછી ૨૪ જિનેશ્વરના નિજ નિજ દેહ પ્રમાણે, લાંછન, વર્ણ (રંગ) યક્ષ-યક્ષિણિ યુક્ત ચાર દિશામાં રત્ન મણિમય ચોવીશ પ્રભુજી પધરાવ્યા છે તથા મરૂદેવી માતા, નવ્વાણું સંયમી ભાઈઓ, બ્રાહ્મી સુંદરી (બહેન)ની પ્રતિમા ઓ આ જિન પ્રાસાદમાં ભરાવી છે. તે પ્રાસાદ ચોરાશી મંડપવાળો છે. તે તીર્થ પર મેરૂપર્વતની પૂર્વ દિશામાં (૧) ઋષભદેવ (૨) અજિતનાથ પ્રભુ છે. દક્ષિણમાં (૩) સંભવનાથ (૪) અભિનંદન (૫) સુમતિનાથ (૬) પદ્મપ્રભુ છે. પશ્ચિમમાં (૭)સુપાર્શ્વનાથ (૮) ચંદ્રપ્રભ (૯) સુવિધિનાથ (૧૦) શીતલનાથ (૧૧) શ્રેયાંસનાથ(૧૨) વાસુપૂજ્ય (૧૩) વિમલનાથ (૧૪) અનંતનાથ પ્રભુ છે. ઉત્તરમાં (૧૫) ધર્મનાથ(૧૬) શાંતિનાથ (૧૭) કુંથુનાથ (૧૮) અરનાથ (૧૯) મલ્લિનાથ (૨૦) મુનિસુવ્રત સ્વામિ (૨૧) નમિનાથ (૨૨) નેમિનાથ (૨૩) પાર્શ્વનાથ અને (૨૪)મહાવીરસ્વામી છે. એ પ્રમાણે ચારેય દિશામાં ૨-૪-૮-૧૦ના ક્રમમાં પ્રભુજી પધરાવેલા છે.

આ તીર્થ ઉપર મહાવીરસ્વામીનાં પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામી પોતાની શક્તિ (લબ્ધિ)થી જાત્રા કરવા પધાર્યા હતા. પ્રભુના મુખેથી સાંભળ્યું હતું કે જે જીવ પોતાની લબ્ધિથી અષ્ટાપદજી તીર્થની જાત્રા કરે તે જીવ તે જ ભવે મોક્ષે જાય છે. એ અંગે પોતાનો મોક્ષ થશે? એ વાત પાકી કરવા સૂર્ય કિરણોની મદદ લઈ સડસડાટ ઉપર ચડી ગયા હતાં. અને ત્યાં પ્રભુજીને જોતાં શ્રી જગચિંતામણી સૂત્રની રચના કરી છે. તે તીર્થની યાત્રા કરીને પાછા આવતાં ગૌતમ સ્વામીએ ૧૫૦૩ તાપસોને અખૂટ ક્ષીર લબ્ધિ(ખીર)થી પારણા કરાવીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવી (થઈ) છે. રાવણ-મંદોદરીએ આ તીર્થ પર નૃત્ય ગાન કરતાં રાવણ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે, અત્યારે આ તીર્થ લુપ્ત પ્રાયઃ છે. પરંતુ હાલના જૂજ જાણકારો હિમાલયના છેક ઉપરના ભાગે ગયાં પછી ઉત્તર દિશા તરફ આંગળી ચીંધતા પ્રવાસીઓને જૈન મંદિરોના શિખરોની ઉપસ્થિતિ દર્શાવે છે. કે એક કાળે આગળ ઉપર કોઈ મંદિરો હતાં. અને સંશોધનકારો એ બાબતે ઉંડો રસ લઈ સંશોધન કરી રહ્યા છે. આ તીર્થની ભક્તિ - જાપ -આરાધના કરતા અષ્ટ + આપદ્ = આઠ પ્રકારની કર્મરૂપ આપત્તિ(વિપત્તિ) દૂર થાય છે. આ તીર્થની સુરક્ષા કરવા માટે સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રોએ પોતાના પ્રાણની આહુતિ આપી છે. તેથી તીર્થ સદાકાળ જયવંતુ વર્તો.

હાલ વર્તમાનમાં આ તીર્થની ભવ્ય પ્રતિકૃતિ રાજસ્થાનમાં ફાલના પાસે અષ્ટાપદજી તીર્થ તરીકે પ્રખ્યાતિ થવા પામી છે.